**86મો ભારતીય વાયુસેના દિવસ**

# 1947 ભારત-પાકિસ્તાન યુદ્ધના હીરો ડાકોટાએ પહેલીવાર વિન્ટેજ પરેડમાં ભાગ લીધો, ભંગાર થઈ ચૂકેલા આ વિમાનને પુનઃ નવું રૂપ આપવામાં 6 વર્ષ લાગ્યાં

## ચાલુ વર્ષે જ 25 એપ્રિલે ડાકોટા રિનોવેટ થયા બાદ ભારત પહોંચ્યું હતું

ગાઝિયાબાદ | દિલ્હી નજીકના ગાઝિયાબાદના હિન્ડન એરબેઝ પર સોમવારે વાયુસેનાના જાંબાજોએ 86માં વાયુસેના દિવસના અવસરે દિલધડક કરતબ બતાવ્યાં હતાં. આકાશગંગાની ટીમે 8000 ફૂટની ઊંચાઈએથી છલાંગ લગાવી કાર્યક્રમની શરૂઆત કરી હતી. સૂર્યકિરણ અને સારંગ ટીમે પણ કરતબ બતાવ્યાં. જોકે બીજા વિશ્વયુદ્ધના સમયના ડાકોટા ડીસીએ સૌનું ધ્યાન આકર્ષ્યું હતું. એરશોમાં વાયુસેનાના અત્યાધુનિક વિમાન જેગુઆર, ગ્લોબમાસ્ટર, મિરાજ, સુખોઈ, મિગ-21, મિગ-29, તેજસ સહિત અનેક એરક્રાફ્ટે ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ત્રણે સેનાના વડા સહિત રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, પીએમ મોદીએ પણ હાજરી આપી. સચિન તેન્ડુલકર સતત ત્રીજીવાર શો જોવા પહોંચ્યો હતો.



## ડાકોટા ન હોત તો શ્રીનગર હાથમાંથી નીકળી ગયું હોત

આ વખતે એરફોર્સ પરેડનું મુખ્ય આકર્ષણ ડાકોટા વિમાન રહ્યું. બીજા વિશ્વયુદ્ધ અને 1947માં ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન મહત્ત્વની ભૂમિકા ભજવનાર વિમાનને રિનોવેટ કરાયું હતું. ભંગાર બની ગયેલા આ વિમાનને બ્રિટનમાં રિનોવેટ કરાયું.

- 1947માં ભારત-પાક.યુદ્ધમાં ડાકોટાએ સૈનિકોને કાશ્મીર ઝડપથી મોકલ્યા, જેનાથી પાક. ઘૂસણખોરોને જડબાતોડ જવાબ અપાયો.
- 1930માં રોયલ ઈન્ડિયન એરફોર્સમાં સામેલ કરાયેલા આ વિમાને 1971ના યુદ્ધમાં બાંગ્લાદેશની મુક્તિમાં મહત્ત્વની ભૂમિકા ભજવી.
- 2011માં સાંસદ ચંદ્રશેખરને ભંગાર થઈ ચૂકેલું વિમાન મળ્યું હતું. તેને રિનોવેટ કરવામાં 6 વર્ષ લાગ્યાં અને સેનાને સોંપી દેવાયું.